# સામયિક મૂલ્યાંકન પુનઃ કસોટી

**શાળાનું નામ:- ..................................................... ધોરણ:- ૮ (આઠ)**

**કુલ ગુણ:- ૨૫ વિષય- ગુજરાતી ટેસ્ટ તારીખ:- ૨૨/૨/૨૦૨૦**

**વિદ્યાર્થીનું નામ:-................................................................. સમય:-૧ કલાક**

**અધ્યયન નિષ્પત્તિ :- કાવ્યપંક્તિ, વિચારવિસ્તાર, સૂક્તિ, કહેવતો અને ગદ્ય-પદ્યનું સ્વતંત્ર લેખન તથા સારાલેખન કરી શકે છે.**

**પ્રશ્ન-૧ આપેલ પંક્તિઓના વિચારવિસ્તાર કરો.**

૧ વિપત પડે ના વલખિયે, વલખે વિપત ન જાય;
વિપતે ઉદ્યમ કીજિયે, ઉદ્યમ વિપતને ખાય. ગુણ:-૩

___

___

___

૨ ફરતી પીંછી અંધકારની : દીપ નહીં રંગાય. ગુણ:-૨

___

___

**અધ્યયન નિષ્પત્તિ :- પરિચિત કે અપિરિચિત પરિસ્થિતિમાં વાતચીત અને સંવાદો સમજી શકે છે.**

**પ્રશ્ન-૨ કૌસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ વડે ખાલી જગ્યા પૂરી ફકરો પૂર્ણ કરો. ગુણ:-૫**

( ઝળહળાટથી, સંબોધાતાં, શ્રીમંત, મોટરગાડીઓ, આરતી, )

જગમોહનદાસ એટલા .................... હતા કે એમના વર્તુળમાં તે 'રાજા' નામથી જ ........................... લક્ષ્મીદેવીએ બેય હાથે તેમની ......................... ઉતારી હશે. સાઠ લાખ રૂપિયાને ખર્ચે દરિયાકિનારે બંધાવેલો તેમનો આસમાની 'આનંદ - મહેલ' રાત્રે દિવાના .............................. અલકાપુરીની યાદ આપી જતો. તેમને ઘેર છ .................................... હતી અને નોકરચાકરનો તો પાર નહીં.

**અધ્યયન નિષ્પત્તિ :- કાવ્ય મુખપાઠ અને કાવ્યપૂર્તિ કરી શકે છે.**

**પ્રશ્ન-૩ આપેલ કાવ્યમાં યોગ્ય શબ્દ પસંદ કરી કાવ્ય પૂર્ણ કરો. ગુણ:-૫**

**( હસતાં, નગર, વરસતાં, ભડકે, રહીએ )**

ચાલ, વરસાદની મોસમ છે, .................. જઈએ,
ઝાંઝવાં હો કે હો દરિયાવ, તરસતાં જઈએ.
મોતના દેશથી કહે છે કે બધાં .................. છે,
કૈં નથી કામ, છતાં ચાલ, અમસ્તાં જઈએ.
આપણે ક્યાં છે મમત એક જગાએ ..................,
માર્ગ માગે છે ઘણાં, ચાલને, ખસતાં જઈએ.
સાવ નિર્જન છે આ વેરાન, બીજું શું કરીએ,
બાંધીએ એક ..............., ને જરા વસતાં જઈએ.
તાલ દેનારને પળ એક મૂંઝવવાની મજા
રાગ છેડ્યો છે રુદનનો, છતાં ............. જઈએ

**અધ્યયન નિષ્પત્તિ :- બીલ, રીસીપ્ટ, રેપર, રિપોર્ટ, મિનિટ્સનો માહિતી માટે ઉપયોગ કરે છે.**

**પ્રશ્ન-૪ નીચે આપેલ ટેબલનો અભ્યાસ કરી પ્રશ્નોનાં જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.** **ગુણ:-૫**

| વિશેષતાઓ | ચારુલતા ઘોષ | ભાઇલાલભાઇ પાટીલ | વીણા મહેતા | જયમીન મેકવાન |
|---|---|---|---|---|
| આંખો | કાળી આંખો | માંજરી આંખો | મોટી કાળી આંખો | નાની કાળી આંખો |
| નાક | મોટું અને પહોળું | સામાન્ય અણીદાર | મોટું અણીદાર | નાનું અણીદાર |
| મોં અને હોઠ | પહોળું મોઢું / જાડા હોઠ | નાનું મોં / પાતળા હોઠ | પહોળું મોઢું / પાતળા હોઠ | મોટું મોઢું / જાડા હોઠ |
| વાળ | ખભા સુધી વાંકડિયા વાળ | ભૂખરા | લાંબા અને કાળા | વાંકડીયા |
| વ્યક્તિની પ્રકૃત્તિ | દયાળુ અને મૈત્રીપૂર્ણ | ગંભીર અને શાંત | હસમુખ અને આંનદી | બુધ્ધિશાળી |
| શોખ | રસોઈ બનાવવી અને પ્રવાસ | પુસ્તકોનું વાંચન | સંગીત અને ભરતકામ | મુસાફરી |

૧ નીચેનામાંથી કયા વ્યક્તિની આંખો નાની કાળી આંખો અને મુસાફરીના શોખીન છે ?

[અ] વીણા મહેતા [બ] જયમીન મેકવાન

[ક] ભાઇલાલભાઇ પાટીલ [ડ] ચારુલતા ઘોષ

૨ નીચેનામાંથી કઈ બાબત વીણા મહેતા વિશે સાચી છે ?

[અ] માંજરી આંખો [બ] પહોળું મોઢું / જાડા હોઠ

[ક] લાંબા અને કાળા વાળ [ડ] મુસાફરીના શોખીન

૩ નેચેનામાંથી કયું વાક્ય સાચું છે ?

[અ] વીણા મહેતાને વાંકડીયા વાળ છે. [બ] જયમીન મેકવાનને મોટું અણીદાર નાક છે.

[ક] ભાઇલાલભાઇ પાટીલને માંજરી આંખો છે. [ડ] ચારુલતા ઘોષને પુસ્તકો વાંચનનો શોખ છે.

૪ નીચેનામાંથી કઈ બાબત ભાઇલાલભાઇ પાટીલ વિશે સાચી છે ?

[અ] માંજરી આંખો [બ] પહોળું મોઢું / જાડા હોઠ

[ક] લાંબા અને કાળા વાળ [ડ] મુસાફરીના શોખીન

૫ કઈ બે વ્યક્તિના વાળ વાંકડિયા છે ?

[અ] વીણા મહેતા અને ભાઇલાલભાઇ [બ] જયમીન મેકવાન અને વીણા મહેતા

[ક] ભાઇલાલભાઇ પાટીલ અને ચારુલતા [ડ] ચારુલતા ઘોષ અને જયમીન મેકવાન

**અધ્યયન નિષ્પત્તિ :- વ્યાવહારિક વ્યાકરણનો ઉપયોગ કરી શકે છે.**

**પ્રશ્ન-૫ માગ્યા મુજબ જવાબ આપો.** **ગુણ:-૫**

૧ વિક્રમ સારાભાઈ તેમના ઘરે સોનાના પારણામાં ઝૂલેલા તેવું કહેવાય છે.
બંધ બેસતો વિકલ્પ લખો. ૧. વૈભવ કે શ્રીમંતાઈમાં ઊછરવું ૨. ગરીબીમાં ઊછરવું.

___

૨ આપણે હંમેશા ........................ લોકોની મદદ કરવી જોઈએ. (દિન, દીન)

૩ નીચેનામાંથી સુભગ નો અર્થ કયો છે ?

[૧] પાણી [૨] સુંદર [3] ઊંઘ [૪] સિંહ

૪ નીચેનામાંથી કઈ જોડણી સાચી છે ?

[૧] ઉદ્ભમ [૨] પ્રિતી [3] કર્તવ્ય [૪] તીરસ્કાર

૫ સમર્થ નો વિરુદ્ધાર્થી શબ્દ લખો. ......................................

પ્રાથમિક શાળાના શિક્ષકો માટે નાની નાની બાબતોનું સંકલન કરતા વોટ્સેપ નંબર- ૯૯૨૫૪૮૩૯૩૮ ને સેવ કરવા વિનંતી.

તમામ પુન: કસોટીઓ મેળવવા તમારી શાળા, તાલુકો અને જિલ્લો અંગ્રેજી કેપીટલ લેટરમાં લખીને તમામ પુન: કસોટીઓ લખી ૯૯૨૫૪૮૩૯૩૮ પર વોટ્સેપ મેસેજ કરી મેળવી શકો. એક દિવસ સુધીમાં ના મળી જાય તો બીજો મેસેજ કરવા વિનંતી.

JBBK EDUCATION GROUP

એકમ કસોટી પત્રિકામા જે ઉપચારપાત્ર અધ્યયન નિષ્પત્તિમાં ટીકમાર્ક થયેલ હોય તે જ નિષ્પત્તિના પ્રશ્નની પુન: કસોટી લેવી.

આ ફક્ત પુન: કસોટીનો નમૂનો જ છે . તારીખ-૨૩/૧૧/૨૦૧૯ ના પરિપત્ર માં શિક્ષકની ભૂમિકા વાંચી તે મુજબ જરૂર પડે પુન: કસોટી તૈયાર કરવી.

પુન: કસોટી તરત ના લઇ શકાય ઉપચારાત્મક કાર્ય માટે ના દિવસો બાદ જ લેવી.